# Dr. Abdullah Abdullah, Chairman, High Council for National Reconciliation of Afghanistan meets Prime Minister

October 08, 2020

## અફઘાનિસ્તાનનાં હાઈ કાઉન્સિલ ફૉર નેશનલ રીકોન્સિલિએશનનાં અધ્યક્ષ ડૉ. અબ્દુલ્લાહ અબ્દુલ્લાહ વડાપ્રધાનને મળે છે

ઓક્ટોબર 08, 2020

અફઘાનિસ્તાનનાં હાઈ કમિશન ફૉર નેશનલ રીકોન્સિલિએશનનાં અધ્યક્ષ ડૉ. અબ્દુલ્લાહ અબ્દુલ્લાહ આજે સવારે (ઓક્ટોબર 8) વડાપ્રધાનને મળ્યા હતા. સરકારની પાડોશીઓને પ્રાથમિકતા નીતિનાં અનુપાલનમાં, વડાપ્રધાને ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ઐતિહાસિક જોડાણો વધારે ઉંડા બનાવવાની ભારતની લાંબા ગાળાની કટિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. બન્ને નેતાઓએ દ્વિપક્ષીય અને પ્રાંતિય હિતનાં મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. ડૉ. અબ્દુલ્લાહ અબ્દુલ્લાહે વડાપ્રધાનને અફઘાન શાંતિ પ્રક્રિયા અને દોહામાં ચાલું વાર્તાલાપ અંગે સંક્ષિપ્ત માહિતી આપી હતી.

અફઘાનિસ્તાન સાથે ભારતનાં વિકાસ સહકાર સહિત દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

ડૉ. અબ્દુલ્લાહ અબ્દુલ્લાહે ભારતની 3 અબજ યુએસ ડોલરની વિકાસાત્મક પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી, જેનાં અંતર્ગતની પરિયોજનાઓ તેનાં તમામ 34 પ્રાંતોમાં અફઘાન લોકોને લાભ પ્રદાન કરી રહી છે.

વડાપ્રધાને અફઘાનિસ્તાનમાં કાયમી શાંતિ અને સમૃદ્ધિ તરફ ભારતની પ્રતિબદ્ધતાનું પુનઃઉચ્ચારણ કર્યું હતું અને અફઘાનિસ્તાનમાં વ્યાપક અને કાયમી યુદ્ધવિરામ તરફનાં પ્રયાસોને આવકાર્યા હતા.

રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર શ્રી અજિત ડોવાલ 7 ઓક્ટોબરનાં રોજ ડૉ. અબ્દુલ્લાહ અબ્દુલ્લાહને મળ્યા હતા અને અફઘાન શાંતિ પ્રક્રિયા અને સમગ્ર અફઘાનિસ્તાનમાં હિંસાનાં વધેલા સ્તરો અને પ્રાંતમાં શાંતિ અને સુરક્ષા સહિત સંબંધિત મુદ્દાઓની ચર્ચા કરી હતી.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આવતીકાલે એટલે કે 9 ઓક્ટોબર, 2020 નાં રોજ ડૉ. અબ્દુલ્લાહ અબ્દુલ્લાહને મળશે.

**નવી દિલ્હી**
**ઓક્ટોબર 08, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.